અજમેર શરીફ દરગાહ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચાદર મોકલી હતી. ચાદર મોકલતા પહેલા વડાપ્રધાન મોદી મુસ્લિમોના એક પ્રતિનિધિમંડળને પીએમ હાઉસ ખાતે મળ્યા હતા. વડાપ્રધાન મોદી ચાદર સાથે મુસ્લિમ પ્રતિનિધિઓ સાથે કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની પણ નજરે પડે છે.

દેશ દુનિયા અને સમાજને એક થવાના સંદેશા સાથે

વડાપ્રધાન મોદીએ અજમેર શરીફ દરગાહ માટે ચાદર મોકલી

નવી દિલ્હી,તા.૧૧

અજમેર શરીફ દરગાહ દેશની સાંસ્કૃતિક એકતાનું ઉદાહરણ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી છેલ્લા ૧૦ વર્ષથી અહીં ચાદર મોકલી રહ્યા છે. અહીં ૧૩ જાન્યુ.એ ૮૧૨મો ઉર્સ ઉજવવામાં આવી રહ્યો છે. ચાદરની સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશ-દુનિયા અને સમાજને એક થવાનો સંદેશો આપ્યો હતો.

અજમેર શરીફ દરગાહ એકતાનું ઉદાહરણ છે અને ભારતની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પરંપરાનું પ્રતિક છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અજમેર શરીફ દરગાહ પર અર્પણ કરવા માટે લઘુમતી મોરચાને ચાદર સોંપી છે. આ ચાદર ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીના ઉર્સના અસવસર પર ચઢાવવામાં આવશે. દર વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉર્સના અવસર પર અજમેર શરીફ દરગાહ પર ચાદર ચઢાવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ તેમના દ્વારા ચડાવેલ ચાદર દરગાહ પર ચઢાવવામાં આવશે. ભાજપ મોરચાના સભ્યો ૧૩ જાન્યુ.એ બપોરે અજમેર શરીફની દરગાહ પર આ ચાદર ચઢાવશે. આ વર્ષે અજમેર શરીફ દરગાહ ખાતે ૮૧૨મો ઉર્સ ઉજવવામાં આવી રહ્યો છે. ઉર્સ નિમિત્તે ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીની દરગાહ પર મોટી સંખ્યા શ્રધ્ધાળુઓ એકઠા થાય છે. વડાપ્રધાન મોદી દ્વારા મોકલવામાં આવેલ આ શીટ ૧૩ જાન્યુ.એ અર્પણ કરવામાં આવશે. વડાપ્રધાન મોદી છેલ્લા દસ વર્ષથી અજમેર શરીફ દરગાહ પર ચાદર મોકલી રહ્યા છે. ચાદર મોકલવાની સાથે વડાપ્રધાન મોદી માનવતાનો સંદેશ પણ આપે છે. ગયા વર્ષે તેમણે સંદેશ મોકલ્યો હતો- વિશ્વને પ્રેમ, સંવાદિતા અને ભાઈચારાનો સંદેશ આપનાર મહાન સૂફી સંતના વાર્ષિક ઉર્સ પર અજમેર શરીફની દરગાહ પર ચાદર મોકલીને હું શ્રધ્ધાંજલિ અર્પણ કરું છું.

અજમેર દરગાહ ખાતે ૧૩ જાન્યુઆરીએ ૮૧૨મો ઉર્સ

વર્ષ ૨૦૨૩માં કેનેડા, યુએસમાં તીવ્ર ગરમી, જંગલમાં આગની ઘટનાઓ બની

વર્ષ ૨૦૨૩ અત્યાર સુધીનું સૌથી હોટ વર્ષ રહ્યું

નવીદિલ્હી,તા.૧૧

યુરોપિયન ક્લાઈમેટ એજન્સી દ્વારા આપવામાં આવતી માહિતી મુજબ વર્ષ ૨૦૨૩ અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ જાહેર કરવામાં આવ્યું છે. તેમજ ઔદ્યોગિકીકરણના પહેલાની તુલનામાં સરેરાશ ૧.૫ ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો છે. કોપરનિકસ ક્લાઈમેટ ચેન્જ સર્વિસ (C3S) ના વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતુ કે, જાન્યુઆરી અથવા ફેબ્રુઆરી ૨૦૨૪માં પુરા થતા ૧૨-મહિનાના સમયગાળા દરમિયાન ૧.૫ ડિગ્રી સેલ્સિયસની લિમિટ પણ પાર થઇ શકે છે.

જે આબોહવાની અસરોમાં વધારો કરી શકે છે. પરંતુ આ વધારો લાંબા ગાળાના વોર્મિંગના કારણે થતા વધારાથી પેરિસ કરારનો નિર્દિષ્ટ ૧.૫ઓ સેલ્સિયસની મર્યાદાનો ભંગ દર્શાવતો નથી.

વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું કે ૧૮૫૦-૧૯૦૦ના સમયગાળાના સ્તર કરતા પ્રથમ વખત દરરોજ સરેરાશ વૈશ્વિક તાપમાન વર્ષ ૨૦૨૩માં એક ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાયું હતું. ૧૮૫૦-૧૯૦૦ના સમયગાળા કરતા ૨૦૨૩માં લગભગ ૫૦ ટકા દિવસો ૧.૫ ડિગ્રી સેલ્સિયસ વધુ ગરમ હતા. આ તાપમાન નવેમ્બર ૨ ડિગ્રી સેલ્સિયસથી વધી ગયું હતું. વર્ષ ૨૦૨૩ એ ૧૯૯૧-૨૦૨૦ની સરેરાશ કરતાં ૦.૬૦ ઓઈ વધુ અને ૧૮૫૦-૧૯૦૦ના સમયગાળા કરતા ૧.૪૮ ઓઈ વધુ ગરમ જોવા મળ્યું હતું. આ બાબતે વૈજ્ઞાનિકોનું કહેવું છે કે અમને આશા નહોતી કે વર્ષ ૨૦૨૩ આ રેકોર્ડ તોડશે, પરંતુ ૨૦૨૩ એ તો અત્યાર સુધીના બધા જ રેકોર્ડ તોડ્યા છે. જેના કારણે વિશ્વના મોટા ભાગોમાં હવામાનની ઘણી ગંભીર સમસ્યાઓ સર્જાશે. કેનેડા અને યુ.એસ.માં તીવ્ર ગરમી અને જંગલની આગથી લઈને લાંબા સમય સુધી દુષ્કાળ અને પછી પૂર્વ આફ્રિકાના ભાગોમાં પૂર જેવી ઘટનાઓનો સમાવેશ થાય છે. આ હવામાન પરિવર્તન રોજિંદા ધોરણે જીવન અને આજીવિકાનો નાશ કરી રહ્યું છે. તેમજ એન્ટાર્કટિક તેમજ આર્કટિક બરફ પીગળી રહ્યો છે અને સમુદ્રના સ્તર ઊંચા આવી રહ્યા છે.

૩૧ જાન્યુઆરીથી સંસદનું બજેટ સત્ર

નવી દિલ્હી: આગામી એપ્રિલ-મે-માસમાં યોજાનારી લોકસભા ચુંટણી પુર્વે સંસદનું આખરી સત્ર તા.૩૧ જાન્યુઆરીએ શરૂ થશે અને તા.૯ ફેબ્રુઆરી સુધી ચાલશે. આ ટુંકા બજેટ સત્રમાં તા.૧ના રોજ નાણામંત્રી નિર્મલા સીતારામન વચગાળાનું બજેટ (લેખાનુદાન) રજુ કરશે.

જયારે પુર્ણ બજેટ બાદમાં ચુંટણી પછી નવી સરકાર જુલાઈમાં રજુ કરશે. તા.૩૧ના રોજ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સંસદના સંયુક્ત બેઠકને સંબોધીને તા.૧ના વચગાળાના બજેટમાં મોદી સરકાર કિશન સન્માન નીધીમાં મહિલા ખેડુતોને રૂા.૧૨૦૦૦ દર વર્ષે મળે તે જોશે. જે આ માટે રૂા.૧૨૦૦૦ કરોડનું ખાસ ભંડોળ ફાળવાશે. આ બજેટ પુર્વે લાંબા આર્થિક સર્વેના સ્થાને એક સમરી રજુ કરી દેવાશે. સરકાર એપ્રિલ-જુલાઈ ૨૦૨૪ સુધીની ગ્રાન્ટની માંગણી આ બજેટમાં રજુ કરી દેશે.

૧લી ફેબ્રુઆરીએ વચગાળાનું બજેટ રજૂ થશે

રૂા. ૧૨ હજાર કરોડના રોકડ અંગે

ડીસીએમ શ્રીરામ લિમિટેડે ગુજરાત સરકાર સાથે એમઓયુ કર્યા

અમદાવાદ, તા. ૧૧

ભારતમાં બીજા ક્રમના સૌથી મોટા ક્લોર આલ્કલી ઉત્પાદક ડીસીએમ શ્રીરામ લિમિટેડે વર્ષ ૨૦૨૮ સુધીમાં ભરૂચમાં કેમિકલ અને પેટ્રોકેમિકલ્સ પ્રોડક્ટ્સના ઉત્પાદન માટે સૂચિત રૂ. ૧૨,૦૦૦ કરોડનું રોકાણ કરવા માટે ગુજરાત સરકાર સાથે સમજૂતી કરાર (એમઓયુ) ઉપર હસ્તાક્ષર કર્યા છે.

ગુજરાતના ગાંધીનગરમાં ૦૩ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સમારોહમાં માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને બીજા મંત્રીઓ તથા રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં એમઓયુ ઉપર હસ્તાક્ષર કરાયા હતાં. આ સમારોહ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ ૨૦૨૪નો એક ભાગ હતો, જે ગુજરાતમાં ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરમાં ૧૦-૧૨ જાન્યુઆરી, ૨૦૨૪ દરમિયાન યોજાશે.

ડીસીએમ શ્રીરામ હાલમાં ગુજરાતના ભરૂચમાં મહત્વપૂર્ણ ક્લોર આલ્કલી સુવિધા ધરાવે છે તથા તેના ક્લોર-આલ્કલી પોર્ટફોલિયોમાં નવી પ્રોડક્ટ્સના ઉમેરા સાથે તેની વર્તમાન ક્ષમતામાં વધારો કરવાની યોજના ધરાવે છે.

કોણે આવો નિર્ણય મોવડીમંડળ પાસે લેવરાવ્યો! પ્રશ્નોની ઝડી

રામમંદિર આમંત્રણ ફગાવવાના નિર્ણય સામે ગુજરાતથી U.P. સુધી કોંગ્રેસમાંથી જ વિરોધ

નવી દિલ્હી:

તા.૨૨ જાન્યુઆરીના રોજ અયોધ્યામાં યોજાનારા ભગવાન રામ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજરી આપવાના આમંત્રણને ફગાવવાના કોંગ્રેસ મોવડીમંડળના નિર્ણય સામે હવે ગુજરાતથી કર્ણાટક ઉતરપ્રદેશથી મહારાષ્ટ્ર અનેક રાજયોએ મોવડીમંડળના આ નિર્ણય સામે જબરો વિરોધ થયો છે તો બીજી તરફ ભાજપે આ તક ઝડપીને કોંગ્રેસ પક્ષ રામ વિરોધી હિન્દુ વિરોધી હોવાનું પ્રથમ તીર છોડીને આગામી સમયમાં મોટા આક્રમણની તૈયારી કરી છે. શ્રીરામ જન્મભૂમિ મહોત્સવ સમીતી દ્વારા કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લીકાર્જુન ખડગે, પક્ષના સંસદીય દળના વડા સોનિયા ગાંધી તથા લોકસભામાં પક્ષના નેતા અધિરરંજન ચૌધરીને તા.૨૨ના રોજ યોજાનારા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજરી આપવા આમંત્રણ પાઠવ્યુ હતું. ગઈકાલે કોંગ્રેસના મીડીયા સેલના વડા જયરામ ઠાકરે પક્ષના મોવડીમંડળ વતી સંદેશ સંભળાવતા આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને 'આરએસએસ-ભાજપના ઈવેન્ટ' તરીકે ગણાવીને ઉમેર્યુ કે પક્ષ ભગવાન રામના મંદિર પ્રત્યે પુરી આસ્થા-શ્રદ્ધા ધરાવે છે પણ આ ભાજપ દ્વારા સ્પોન્સર કરાયેલ રાજકીય ઈવેન્ટ છે અને તેથી સવિનય આ આમંત્રણ સ્વીકારતા નથી. જેની સામે ખુદ કોંગ્રેસમાં શરૂ થયેલા વિરોધમાં ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ નેતા તથા ધારાસભ્ય અર્જુન મોઢવાડીયાથી ઉતરપ્રદેશ કોંગ્રેસના નેતા આચાર્ય પ્રમોદ કૃષ્ણમ એ વિરોધ કરીને એકસ પર પોષ્ટ કરતા લખ્યું કે ભગવાન શ્રી રામ એક આરાધ્ય દેવ છે અને આ દેશવાસીઓની આસ્થા છે. કોંગ્રેસ પક્ષે તેના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંગેના રાજકીય નિર્ણયથી દુર રહેવું જોઈએ. આચાર્ય પ્રમોદ કૃષ્ણમે કહ્યું કે આથી કોંગ્રેસના કરોડો કાર્યકર્તાઓના દિલ તૂટી ગયા છે. રામમંદિર અને ભગવાન રામ તમામના છે. રામમંદિરને ભાજપનું સમજવું દુર્ભાગ્યપૂર્ણ છે તેને આરએસએસનું વિશ્વ હિન્દુ પરિષદનું માનવું દુર્ભાગ્યપૂર્ણ છે અને ભરોસો છે કે કોંગ્રેસ હિન્દુ વિરોધી પક્ષ નથી. કોંગ્રેસ રામ વિરોધી નથી. જેઓએ આ પ્રકારનો નિર્ણય લેવડાવ્યો તે ખૂબ જ ગંભીર બાબત છે. આજે મારૂ દિલ તૂટી ગયુ છે. તેઓએ ઉમેર્યુ કે કોંગ્રેસ પક્ષ જે મહાત્મા ગાંધીના માર્ગે ચાલતી હતી તે કોંગ્રેસના જ વડાપ્રધાન રાજીવ ગાંધીએ ભગવાન શ્રી રામ મંદિરના તાળા ખોલાવ્યા હતા પણ આ નિર્ણય પિડાદાયક અને કષ્ટદાયક છે.

શું કોંગ્રેસ રામવિરોધી-હિન્દુ વિરોધી પક્ષ છે? યુપી કોંગ્રેસના નેતા પ્રમોદ કૃષ્ણમનો પ્રશ્ન: આપણા જ રાજીવ ગાંધીએ મંદિરના તાળા ખોલાવ્યા હતાઃ આજે મારૂ દિલ તૂટી ગયુ છે

આવશ્યક સહિતની દવાઓના ભાવ વધશેઃ તંગીનો ભય

નવી દિલ્હીઃ વિશ્વના ફાર્મા ઉત્પાદનમાં હબ ગણાતા ભારતમાં આગામી સમયમાં દવાની અછત સાથે તે મોંઘી પણ બની શકે છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા હાલમાં જ દવાના લઘુ ઉત્પાદકો માટેના નિયમોમાં ફેરફાર કરાયો તેના કારણે હવે આવશ્યક ચીજોમાં આવતી દવા હવે મોંઘી બની શકે છે. આરોગ્ય મંત્રાલય દ્વારા હાલમાં જ ફાર્મા પ્રોડકટસ માટેની શેડયુલ 'એમ' ના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. જેમાં હવે કવોલિટી રીવ્યુ અને કવોલિટી રીસ્ક મેનેજમેન્ટને ખાસ કરીને ફાર્મા કવોલિટી અંગે નવા માપદંડ નિશ્ચિત કર્યા છે અને શેડયુલ એમ બે દવાના માઈક્રો, સ્મોલ અને મીડીયમ (એમએમએમઈ) ક્ષેત્રમાં આવતા ફાર્મા ઉદ્યોગ માટે ફરજીયાત કરવામાં આવ્યા છે અને રૂા.૨૫૦ કરોડ કે તેથી વધુ ટર્નઓવર ધરાવતા ઉત્પાદકોએ છ માસમાં તેનું પાલન કરવું ફરજીયાત બની જશે.

જે ડેડલાઈન તા.૧ ઓગષ્ટ ૨૦૨૩ની હતી અને સાવ નાના એકમોને એક વર્ષની મુદત આપવામાં આવી હતી પણ દવાના માઈક્રો લઘુ ઉદ્યોગો માટે શેડયુલ 'એમ' નો અમલ કરવો મુશ્કેલ છે.

આરએમએમ સાથે જોડાયેલા લઘુ ઉદ્યોગ ભારતના પ્રતિનિધિ સંજય સિંગલાએ આ માહિતી આપતા જણાવ્યું કે તેનાથી માઈક્રો-લઘુ ઉદ્યોગો માટે કવોલિટી અપગ્રેડેશનનો ખર્ચ પોષાય તેમ નથી અને તેઓએ ધંધો બંધ કરવો પડી શકે છે. ખાસ કરીને જે દવાઓ રાષ્ટ્રીય ભાવ બાંધણા (પ્રાઈઝ કંટ્રોલ) હેઠળ આવે છે તેમાં જો આ નિયમોનું પાલન થાય તો ભાવ બાંધણા સુધીના સ્તરે ઉત્પાદન પોષાય તેમ નથી તેથી તે ઉદ્યોગો જે તે દવાનું ઉત્પાદન બંધ કરે તો તેની અછત સર્જાઈ શકે છે અને ભાવ ઘટી શકે છે.

હાલમાં જ કફ સીરપ સહિતની ભારતની દવાઓના કારણે વિદેશમાં થયેલા મૃત્યુ બાદ સરકારે આ પ્રકારની દવાઓના ઉત્પાદન કરતા એકમો માટે શેડયુલ 'એમ' જે ગુણવતા સંબંધી નવા માપદંડ છે તે લાગુ કરતા તેનો અમલીકરણ ખર્ચ ખૂબજ વધી જશે તેથી દવાઓના ભાવ વધી શકે છે અથવા જો ઉત્પાદન પોષાય તેમ ના હોય તો યુનિટ બંધ થઈ શકે છે.

સીમા પર કોઈ પણ ઓપરેશન માટે સૈન્ય સજ્જ:સેના વડા

સરહદે સઘન સુરક્ષા છતાં આતંકી ગતિવિધી ચિંતાજનક

નવી દિલ્હી, તા.૧૧

ભારતીય સેનાના વડા જનરલ મનોજ પાંડેએ આજે દેશની સરહદોની પરિસ્થિતિ અંગે મહત્ત્વની માહિતી આપી હતી. દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જનરલ મનોજ પાંડેએ કહ્યું કે, 'છેલ્લા ૫-૬ મહિનામાં રાજોરી અને પૂંછમાં સ્થિતિ અને આતંકવાદી ગતિવિધિ અમારા માટે ચિંતાનો વિષય રહી છે. ઉત્તર ભારતની સરહદો પર સ્થિતિ યથાવત્ છે, પરંતુ સંવેદનશીલ છે.

મીડિયાને સંબોધન આપતા સેના વડાએ કહ્યું કે, 'વર્ષ ૨૦૨૭ સુધીમાં સેનામાં ઓપ્ટિમાઈઝેશનની પ્રક્રિયા પૂર્ણ થશે. ત્યાર પછી સેનામાં અંદાજિત એક લાખ લોકો ઓછા થઈ જશે. મેં સેનામાં એનિમલ ટ્રાન્સપોર્ટ ઓછું કરી દીધું છે, હવે તેની જગ્યા ડ્રોને લઈ લીધી છે. અગ્નિપથ હેઠળ આવેલા અગ્નિવીરોની બે બેચ ફિલ્ડમાં તહેનાત કરી દેવાઈ છે. તેમનો ફિડબેક પણ ઘણો ઉત્સાહજનક છે.

જમ્મુ કાશ્મીર મુદ્દે સેના વડાએ કહ્યું કે 'જમ્મુ કાશ્મીરના સરહદી વિસ્તારોમાં ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા છે. રાજૌરી, પૂંછ સહિતના વિસ્તારોમાં ખાસ કરીને આતંકવાદીઓની ગતિવિધિ વિરૂદ્ધ કાર્યવાહી કરાઈ રહી છે. આ સંવેદનશીલ વિસ્તારોમાં સેના સ્થાનિક પોલીસ અને અન્ય કેન્દ્રીય એજન્સીઓ સાથે મળીને સારી રીતે સંવાદ સાધવાનું કામ કરી રહી છે.'

સેના વડાએ કહ્યું કે, 'એક વર્ષમાં પૂર્વોત્તરના રાજયોમાં હિંસા અને અન્ય મુદ્દે ઘણું ઊંડાણપૂર્વક કામ કરાઈ રહ્યું છે, જેના સારા પરિણામ મળ્યા છે. અહીંના સંવેદનશીલ વિસ્તારો પર અમારી ઝીણવટપૂર્વકની નજર છે.'

ચીન સરહદ અંગે તેમણે કહ્યું કે, 'ચીન સાથેની લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ પર સ્થિતિ યથાવત્ છે.

૨૦૨૭ સુધીમાં ઓપ્ટિમાઈઝેશન પ્રક્રિયા હેઠળ સેનામાં ૧ લાખ જેટલા લોકો ઓછા થશે:મનોજ પાંડે

નામ બદલેલ છે

જુનુ નામ સાયના મોઈનુદ્દીન કચોરીવાલા થી બદલીને નવુ નામ સાહીનાબાનું મોઈનુદ્દીન કચોરીવાલા રાખેલ છે. ૧૦૬૭, દેગડીની ખડકી, તાડની શેરી, જમાલપુર, અમદાવાદ-૧

નામ બદલેલ છે

મારૂ જુનુ નામ પટેલ વીણાબેન કિરીટકુમાર થી બદલીને નવુ નામ પટેલ વિણાબેન કિરીટભાઈ રાખેલ છે. ૨, વૃન્દાવન બંગ્લોઝ, નિકોલ, અમદાવાદ

નામ બદલેલ છે

મારૂ જુનુ નામ પટેલ કિરીટકુમાર કાંતિલાલ થી બદલીને નવુ નામ કિરીટભાઈ કાંતિભાઈ પટેલ રાખેલ છે. ૨, વૃન્દાવન બંગ્લોઝ, નિકોલ, અમદાવાદ

નામ બદલેલ છે

મારૂ નામ સુલમાનએહમદ મુખ્તારએહમદ અંસારી થી બદલી સલમાન મુખ્તારએહમદ અંસારી રાખેલ છે. ૩૩૦/૩૪, હસ્સાનભાઈ વાજાવાળાની ચાલી, ગોમતીપુર, અમદાવાદ

નામ બદલેલ છે

જુનું નામ પટેલ નિકીતાબેન રમેશભાઈ થી બદલીને પટેલ નિકીતાબેન જયેશકુમાર કરેલ છે. ૧૪૯, હરીદર્શનપાર્ક સોસાયટી, વીટીએમ, અમદાવાદ

એક્સિસ બેંક લિમિટેડ

પ્લેજ અસ્ક્યામતો તરીકે સોનાના દાગીનાના લિલામ - માટે જાહેર નોટિસ

નિશ્ચિતરૂપે કરજદારો અને સામાન્યરૂપે જનતાને આથી સૂચના આપવામાં આવે છે કે એકસીસ બેંક દ્વારા નિમ્નલિખિત શાખા ખાતે નીચે જણાવેલા ખાતાઓમાં ગીરો મૂકવામાં આવેલા સોનાના ઘરેણાંઓની હરરાજી કરવાનું પ્રસ્તાવિત કરવામાં આવેલ છે.

નિમ્નલિખિત કરજદારોએ સીક્યુરીટી તરીકે બેંકની તરફેણમાં ગીરો મુકેલા સોનાના ઘરેણાઓ સામે એકસીસ બેંક લીમીટેડ પાસેથી ક્રેડીટ સુવિધા (''ગોલ્ડ લોન સુવિધા'') લીધેલી છે. કરજદારોએ લીધેલી ગોલ્ડ લોન સુવિધામાં બાકી નીકળતી તેમની રકમ ચૂકવી આપવા માટે કરજદારો/જમીનદારોને ડીમાંડ નોટીસો પાઠવવામા આવી હતી. કરજદારો/જમીનદારો તેઓની લોનની બાકી રકમ ચૂકવી આપવામાં નિષ્ફળ ગયા હોવાથી, બેંકને ગીરો રદ કરવાની ફરજ પડેલી છે અને ખાસ કરીને અહીં નીચે આપેલ મિલકતોની અનુસૂચિમાં જણાવેલ ગીરોકૃત સોનાના ઘરેણાઓનું ૨૨-૦૧-૨૦૨૪ના રોજ સવારે ૧૨.૩૦ કલાક થી ૩.૩૦ કલાક સુધી ''જ્યાં છે ત્યાં'', ''જે છે તે'', ''જેમ છે તેમ'' તથા ''નો-રીકોર્સ ધોરણે'' હરરાજીથી વેચાણ કરવાનો પ્રસ્તાવ કરેલ છે.

કરજદારોની તથા બાકી રહેતી રકમની વિગતો

ગ્રાહકનું નામ	લોન ખાતા નંબર	બાકી રકમ (રૂ.)	રીકોલ નોટીસની તારીખ	કુલ વજન	શુદ્ધ વજન
શાખાનું નામઃ- અમદાવાદ (જીજે)					
અનિશ ચૌધરી	XXXXXXXXXXX૨૪૬૮	૮૧૧૬૭૦	૦૯-૧૧-૨૦૨૩	૨૪૯.૨૦૦	૨૨૧.૫૦૦
મોદી મીત	XXXXXXXXXXX૩૧૨૬	૩૮૬૩૦	૦૫-૦૯-૨૦૨૩	૧૦.૧૦૦	૯.૯૦૦
શાખાનું નામઃ- હારીજ (જીજે)					
જાડેજા ભરતજી મફતજી	XXXXXXXXXXX૮૪૦૦	૮૦૬૬૯	૧૦-૧૦-૨૦૨૩	૨૫.૨૦૦	૨૪.૦૦૦
શાખાનું નામઃ- ઈડર (જીજે)					
અલતાફ યાકુબભાઈ બેલીમ	XXXXXXXXXXX૪૦૩૯	૩૨૧૦૯	૦૯-૧૧-૨૦૨૩	૯.૬૦૦	૯.૨૦૦
આશાબેન સુરેશભાઇ ઠાકરડા	XXXXXXXXXXX૭૮૭૩	૪૨૬૦૯	૧૦-૧૦-૨૦૨૩	૧૨.૭૦૦	૧૨.૬૦૦
શાખાનું નામઃ- મણીનગર, અમદાવાદ (જીજે)					
રાઘવદાસ હિરલાલ લખમણી	XXXXXXXXXXX૦૧૩૪	૧૭૮૨૬૬	૩૦-૦૯-૨૦૨૩	૭૨.૭૦૦	૭૧.૮૦૦
શાખાનું નામઃ- માણસા એમએનએસ (જીજે)					
શ્રીમતી રમીલાબેન ઠાકોર	XXXXXXXXXXX૪૫૧૪	૮૫૫૦૧	૨૯-૦૯-૨૦૨૩	૨૫.૧૦૦	૨૫.૦૦૦
શાખાનું નામઃ- નરોડા, અમદાવાદ (જીજે)					
લીલાવતીબેન પટેલ	XXXXXXXXXXX૬૭૨૭	૧૮૮૧૭૩	૧૦-૧૦-૨૦૨૩	૫૨.૪૦૦	૫૧.૩૦૦
શાખાનું નામઃ- પાટણ (જીજે)					
વિનોદકુમાર રવજીભાઈ સુથાર	XXXXXXXXXXX૪૯૧૯	૧૦૮૫૭૦	૦૯-૧૧-૨૦૨૩	૫૪.૧૦૦	૫૧.૫૦૦
શાખાનું નામઃ- પ્રાંતિજ (જીજે)					
રોહિતકુમાર કાલજી મકવાણા	XXXXXXXXXXX૧૧૫૨	૭૬૦૮૦	૨૯-૦૯-૨૦૨૩	૨૩.૭૦૦	૧૯.૭૦૦
શાખાનું નામઃ- રાધનપુર (જીજે)					
કોળી સરતનભાઈ	XXXXXXXXXXX૬૧૫૪	૭૫૦૨૪	૨૯-૦૯-૨૦૨૩	૨૦.૫૦૦	૨૦.૦૦૦
શાખાનું નામઃ- વેજલપુર, અમદાવાદ (જીજે)					
અંકિત નંદલાલ ચાવડા	XXXXXXXXXXX૧૫૪૨	૫૬૫૭૭	૨૨-૦૬-૨૦૨૩	૧૦૨.૧૦૦	૯૮.૮૧૦
શાખાનું નામઃ- વીસનગર (જીજે)					
પટેલ કાંતાબેન	XXXXXXXXXXX૮૦૨૭	૨૬૦૪૩૪	૨૯-૦૯-૨૦૨૩	૭૪.૧૦૦	૭૩.૮૦૦
પટેલ વાસંતીબેન રાજેશભાઈ	XXXXXXXXXXX૪૯૯૯	૧૦૨૭૪૨	૨૯-૦૯-૨૦૨૩	૩૩.૧૦૦	૨૭.૬૦૦
રાજુજી કાળુજી ઠાકોર	XXXXXXXXXXX૨૭૫૬	૮૮૭૦૭	૨૯-૦૯-૨૦૨૩	૨૫.૧૦૦	૨૪.૯૦૦

કોઈપણ પૂર્વ સૂચના વગર ખાતું દૂર કરવાની/ હરરાજીની તારીખ બદલાવવાની એકસીસ બેંક લી.ને સત્તા છે. હરરાજી બપોરે ૧૨.૩૦ ક. થી ૩.૩૦ ક. સુધી https://gold.samil.in પર ઓનલાઈન યોજવામાં આવશે.

વિગરવાર શરતો અને નિયમો માટે, કૃપયા આપેલી વેબસાઈટ https://gold.samil.in પર લૉગ ઈન કરશો.

સ્થળઃ ગુજરાત **અધિકૃત અધિકારી, એકસીસ બેંક લી.**

IndusInd Bank

ઈન્ડસઈન્ડ બેંક લિમિટેડ

એફઆરઆર ડિપા. ૧૧મો માળ, ટાવર ૧, વન વર્લ્ડ સેન્ટર,
૮૪૧, સેનાપતિ બાપટ માર્ગ, એલ્ફિન્સ્ટન રોડ, મુંબઈ -૪૦૦૦૧૩

જાહેર નોટિસ

(સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ૩ (૧) હેઠળ)
સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ના સેક્શન ૧૩(૨) હેઠળ
વૈકલ્પિક બજવણી

આથી નીચે દર્શાવેલ દેણદારોને નોટિસ આપવામાં આવે છે કે તેઓએ ઈન્ડસઈન્ડ બેંક લિમિટેડ(આઈબીએલ) પાસેથી લીધેલ શાખ સવલતના પુનઃ ચૂકવણામાં કસૂર કરેલ છે, તેમના ધિરાણ ખાતાઓ ૨૨-૦૯-૨૦૨૩ના રોજ બેંકના ચોપડે આરબીઆઈ ગાઈડલાઈન્સ મુજબ નોન-પરફોર્મિંગ એસેટ્સ તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ છે. તે પછી, બેંકે સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨(સરફૈસી કાયદો)ના સેક્શન ૧૩(૨) હેઠળ ૦૪-૧૨-૨૦૨૩ ના રોજ સદરહુ દેણદારોને તેમના છેલ્લા પરિચિત સરનામે તેમને સંપૂર્ણ બાકી રકમ રૂ.૨,૩૭,૩૯,૫૨૦.૬૫ (અંકે રૂપિયા રૂપિયા બે કરોડ સાડત્રીસ લાખ ઓગણચાલીસ હજાર પાંચસો વીસ અને પૈસા પાંસઠ)ની માંગણી કરીને આ રકમ પર કરાર આધારિત દરે થનાર આગળના વ્યાજ તેમ જ આકસ્મિક ખર્ચાઓ, કોસ્ટ, ચાર્જેસ સહિત સદર નોટિસમાં ઉલ્લેખ કરેલ કુલ થતી રકમ તેને ચૂકવી જવા ડિમાન્ડ નોટિસો મોકલી છે.તેમ છતાં, દેણદારે સદર ડિમાન્ડ નોટિસો સ્વીકારવાનો ઈન્કાર કર્યો હોઈને અમારા દ્વારા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ (સરફૈસી નિયમો) ના નિયમ ૩ મુજબ આ પ્રકાશન દ્વારા બજવણી કરીએ છીએ.

ક્રમ	દેણદારોના નામ અને સરનામાં
૧	**મે. ઓશન એક્સ્ટ્રુઝન્સ પ્રા.લિ. (દેણદાર અને ગિરવેદાર)** પ્લોટ નં.૧, સર્વે નં. ૩૨૫, જલારામ સૉ મિલ પાછળ, તાલુકો- દસક્રોઈ, ગામ- કુજાડ, અમદાવાદ, ગુજરાત- ૩૮૨૪૩૦
૨-૫	**શ્રી પ્રજ્ઞેશ એમ રામાનુજ (જામીનદાર)** રહેઃ પ્લોટ નં.૧, સર્વે નં. ૩૨૫, જલારામ સૉ મિલ પાછળ, તાલુકો- દસક્રોઈ, ગામ- કુજાડ, અમદાવાદ, ગુજરાત- ૩૮૨૪૩૦ ઉપરાંત અહીં પણઃ ડી/૪૦૨, નીલકંઠ એવન્યુ, પાણીની ટાંકી પાઠળ, એલ.પી. સવાણી સ્કૂલ પાસે, અડાજણ, સુરત, ગુજરાત-૩૯૫૦૦૯ . **શ્રી. ભાવેશકુમાર મનહરલાલ રામાનુજ (જામીનદાર)** રહેઃ પ્લોટ નં.૧, સર્વે નં. ૩૨૫, જલારામ સૉ મિલ પાછળ, તાલુકો- દસક્રોઈ, ગામ- કુજાડ, અમદાવાદ, ગુજરાત- ૩૮૨૪૩૦ ઉપરાંત અહીં પણઃ કેરીઆ રોડ, રેલવે ક્રોસિંગ પાસે, અમરેલી, ગુજરાત-૩૬૫૬૦૧ **શ્રીમતી ઊર્વિબેન ભાવેશકુમાર રામાનુજ (જામીનદાર અને ગિરવેદાર)** રહેઃ પ્લોટ નં.૧, સર્વે નં. ૩૨૫, જલારામ સૉ મિલ પાછળ, તાલુકો- દસક્રોઈ, ગામ- કુજાડ, અમદાવાદ, ગુજરાત- ૩૮૨૪૩૦ ઉપરાંત અહીં પણઃ કેરીઆ રોડ, રેલવે ક્રોસિંગ પાસે, અમરેલી, ગુજરાત-૩૬૫૬૦૧ **શ્રી રમેશભાઈ ગોંડલિયા (જામીનદાર)** રહેઃ પ્લોટ નં.૧, સર્વે નં. ૩૨૫, જલારામ સૉ મિલ પાછળ, તાલુકો- દસક્રોઈ, ગામ- કુજાડ, અમદાવાદ, ગુજરાત- ૩૮૨૪૩૦ ઉપરાંત અહીં પણઃ બી ૧૦૧, આદર્શ લાઈફસ્ટાઈલ, દેવશ્ય સ્કૂલ પાસે, નિકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦.

ગિરવે મૂકેલ મિલકત/તોનું વર્ણન

કોલેટરલ : મિલકત નં. ૧ઃ મોજે કુજાડ, તાલુકોઃ દસક્રોઈ, જિ. અમદાવાદ ખાતે આવેલ નવા બ્લોક નં. ૧૨૬૦ (જૂના બ્લોક નં.૩૨૫/૧ (જૂના સર્વે નં.૨૬૧) ખાતે આવેલ સ્થાવર સંપત્તિ તે બિનખેત જમીન માપણી ૧૭૭૨.૬૪ ચો.મી, જમીન અને માપણી ૮૩૭ ચો.મી. બાંધકામ (વેચાણખત નં.૫૫૫૭/૨૦૧૪ મુજબ)

મિલકત નં. ૨ઃ મોજે નિકોલ, તાલુકોઃ અસારવા, જિ. અમદાવાદ ખાતે આવેલ ટી.પી.એસ. નં. ૧૦૩ના એફ.પી. નં. ૯૩/૧ અને ૯૩/૨ ધારક સર્વે નં. ૨૮૯/૨, ૨૮૯/૪, ૨૮૯/૫, ૨૯૦/૧ પર આવેલ ક્રિશ રેસિડન્સી નામની સ્કિમમાં આવેલ સ્થાવર મિલકત તે ફ્લેટ નં. આઇ/૩૦૧, ૩જા માળે, ટાઈપ એ માપણી ૮૭.૮૩ ચો.મી. બાંધકામ અને માપણી ૨૫.૮૯ ચો.મી. અવિભાજિત જમીનમાં હિસ્સો (માપણી ૧૧૩.૭૨ ચો.મી. સુપર બિલ્ટ અપ બાંધકામ) અને માપણી ૩૯.૫૪ ચો.મી. અવિભાજિત જમીન હિસ્સો(વેચાણખત નં. ૭૩૯૩/૨૦૧૩મુજબ)

આથી, અત્રે જણાવેલ દેણદારને ઉપરોક્ત પૂરી બાકી નીકળતી રકમ રૂ. ૨,૩૭,૩૯,૫૨૦.૬૫ (અંકે રૂપિયા રૂપિયા બે કરોડ સાડત્રીસ લાખ ઓગણચાલીસ હજાર પાંચસો વીસ અને પૈસા પાંસઠ) અને આ રકમ પર થનાર આગળના વ્યાજ તેમ જ કોસ્ટ, ચાર્જેસ, ખર્ચાઓ સહિત થતી રકમ આ નોટિસની તારીખથી દિન ૬૦ (સાઇઠ)માં ચૂકવવા માટે જણાવીએ છીએ, એમાં નિષ્ફળ ગયેથી અમને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ જપ્ત કરવાની છૂટ રહેશે જેનો કબજો લેવાનો અને સિક્યોર્ડ અસ્ક્યામત વેચાણ સુધી સીમિત નહીં રહે જે સંપૂર્ણપણે તમારા જોખમે અને ખર્ચે રહેશે.

મહેરબાની કરીને નોંધ લેવી કે ઉપરોક્ત કાયદાના સેક્શન ૧૩(૧૩) મુજબ તમારા પૈકી તમામને ઉપર ઉલ્લેખ કરેલ સિક્યોર્ડ અસ્ક્યામતોને બેંકની લેખિત પૂર્વમંજૂરી સિવાય વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે તબદિલ કરવા સામે મનાઈ ફરમાવેલ છે . સરફૈસી કાયદાની સદરહુ જોગવાઈ અને /અથવા અન્ય કાયદેસરની જોગવાઈનું ઉલ્લંઘન એ સરફૈસી કાયદાના સેક્શન ૨૯ પ્રમાણે દંડનીય ગુનો બને છે.

મહેરબાની કરીને નોંધ લેવી કે કાયદાના સેક્શન ૧૩ના સબ-સેક્શન (૮) મુજબ વેચાણની તારીખના નોટિસ અગાઉ કોઈ પણ સમયે આઈબીએલને લેણી બાકી રકમ અને કોસ્ટ્સ, ચાર્જેસ અને આઈબીએલને થયેલ તમામ ખર્ચાઓ સહિતની રકમ વેચાણ કે તબદિલીની નક્કી થયેલ તારીખ અગાઉ કોઈ પણ સમયે ચૂકવી દેવાશે તો સિક્યોર્ડ અસ્ક્યામતનું વેચાણ અથવા તબદિલી આઈબીએલ દ્વારા થશે નહીં અને આઈબીએલ દ્વારા આ સિક્યોર્ડ અસ્ક્યામતની તબદિલી અથવા વેચાણ માટે કોઈ આગળનું પગલું લેશે નહીં.

તા. ૧૨.૦૧-૨૦૨૪
સ્થળઃ અમદાવાદ

અધિકૃત અધિકારી
વતી, ઈન્ડસઈન્ડ બેંક લિ.

નીડો હોમ ફાઈનાન્સ લિ.

(અગાઉની એડેલવેઇસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ) (નીડો)
રજિસ્ટર્ડ ઓફિસ આવેલી છે : ૫મે માળે, ટાવર ૩, વિંગ B, કોહિનૂર સીટી મોલ, કોહિનૂર, કિરોલ રોડ, કુર્લા (પ.) મુંબઈ- ૪૦૦૦ ૭૦. રિજનલ ઓફિસઃ૩૦૧-૩૦૪, ૩જે માળે, થર્ડ આઈ વિઝન બિલ્ડિંગ, આઈઆઈએમ-પાંજરાપોળ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫

nido HOME FINANCE

ઈ-હરાજી-સ્ટેચ્યુટરી ૧૫ દિવસીય વેચાણ નોટિસ

ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ અન્વયે ઈ-હરાજીથી વેચાણ

અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે અને દેણદાર તથા જામીનદારને વિશેષ રૂપે નોટિસ આપવાની કે નીચે વર્ણન કરેલ મિલકત 'જ્યાં છે, જેમ છે અને 'જે કાંઈ છે તે છે'ના આધારે નીચે આપેલ ટેબલમાં જણાવેલ બાકી લોનની વસૂલાત સુધીની રકમની વસૂલ કરવા માટે વેચાણ કરવામાં આવશે. સદર મિલકત દેણદાર(રો), સહ દેણદાર(રો) અને જામીનદાર(રો)એ લીધેલ લોન માટે મે. નીડો હોમ ફાઈનાન્સ લિમિટેડ(અગાઉ એડેલવેઇસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે જાણીતી)ને ત્યાં ગિરવે રાખેલ છે. સિક્યોર્ડ લેણદારે નીચે જણાવેલ સિક્યોર્ડ અસ્ક્યામતનો ફિઝિકલ કબજો લીધો છે.

ક્રમ	દેણદાર(રો)/સહદેણદાર(રો)/ જામીનદાર(રો)નું નામ	વસૂલ કરવાની રકમ	રિઝર્વ કિંમત અને ઈએમડી (રૂ.)	હરાજીના તારીખ અને સમય	નિરીક્ષણના તારીખ અને સમય	પ્રતીકાત્મક કબજાની તારીખ
૧	મંગારામ ગોપાજી ચંડોરા (દેણદાર), અને મહેશ મંગારામ ચંડોરા(સહ-દેણદાર) અને નિકેશ મંગારામ ચંડોરા(સહ-દેણદાર) અને પવનદેવી એમ. ચંડોરા(સહ-દેણદાર)	રૂ. ૫૦,૦૯,૬૭૨.૬૩/- (અંકે રૂપિયા પચાસ લાખ નવ હજાર છસો બોંતેર અને પૈસા ત્રેસઠ પૂરા) લોન ખાતા નં. LAHMLAP0000053229 માટે ૧૦/૦૧/૨૦૨૪ના રોજ + એની પર આગળનું વ્યાજ + કાનૂની ખર્ચ	દુકાન નં. એ /૨ માટે રૂ. ૨૭,૭૪,૨૫૦/- (અંકે રૂપિયા સત્તાવીસ લાખ ચુમોતેર હજાર બસો પચાસ પૂરા) અર્નેસ્ટ મની ડિપોઝીટ રૂ. ૨,૭૭, ૪૨૫/- (અંકે રૂપિયા બે લાખ સિત્તોતેર હજાર ચારસો પચીસ પૂરા) દુકાન નં. બી/૧૭ માટે રૂ. ૨૦,૭૨,૨૫૦/- (અંકે રૂપિયા વીસ લાખ બોંતેર હજાર બસો પચાસ પૂરા) અર્નેસ્ટ મની ડિપોઝીટ રૂ. ૨,૦૭,૨૨૫/- (અંકે રૂપિયા બે લાખ સાત હજાર બસો પચીસ પૂરા)	૧૩-૦૨-૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે૧૨.૦૦ વચ્ચે (૫ મિનિટના અસીમિત ઓટો એક્સ્ટેન્શન્સ સાથે)	૨૨-૦૧-૨૦૨૪ ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૩.૦૦ વચ્ચે	૦૨-૧૦-૨૦૨૩
સિક્યોર્ડ અસ્ક્યામતની વિગતો : મોજે ઓઢવ, પેટા-જિલ્લો-અમદાવાદ-૭(ઓઢવ) અને જિ. અમદાવાદ ખાતે સર્વે નં. ૨૬, ૨૭, ૨૮ માપણી ૧૬૬૯૩ ચો.મી., ટીપી સ્કિમ નં. ૧, એફપી નં. ૨૨૦, માપણી ૧૬૬૭૦ ચો.મી. અને સિટી સર્વે નં. ૯૨૫, માપણી ૧૬૬૧૫ ચો.મી. પૈકી સબપ્લોટ નં. ૨૨૦/૧ તે પશ્ચિમ બાજુ માપણી ૮૫૪૩ ચો.મી. પર બાંધેલ 'પુષ્કરહિલ' નામની સ્કિમમાં ભોંયતળિયે દુકાન નં. એ /૨ માપણી ૩૮.૧૮૩ ચો.મી. અને દુકાન નં. બી/૧૭ માપણી ૨૮.૫૨૧ ચો.મી.ધારક મિલકતના તમામ હક્કહિસ્સા. દુકાન નં. એ /૨ની સીમાઓ નીચે મુજબ છેઃ ઉત્તરે : દુકાન નં. એ /૧, દક્ષિણેઃ દુકાન નં. એ /૩, પૂર્વેઃ બ્લોક એ પાર્કિંગ પશ્ચિમેઃ પાર્કિંગ. દુકાન નં. બી/૧૭ની સીમાઓ નીચે મુજબ છેઃ ઉત્તરે : દુકાન નં. બી /૧૬, દક્ષિણેઃ ખુલ્લી જગ્યા, પૂર્વેઃ બ્લોક બી પાર્કિંગ પશ્ચિમેઃ પાર્કિંગ.						
૨	મંગારામ ગોપાજી ચંડોરા (દેણદાર), અને મહેશ મંગારામ ચંડોરા(સહ-દેણદાર) અને નિકેશ મંગારામ ચંડોરા(સહ-દેણદાર) અને પવનદેવી એમ. ચંડોરા(સહ-દેણદાર)	રૂ.૨૧,૦૫,૯૪૮.૮૩/- (અંકે રૂપિયા એકવીસ લાખ પાંચ હજાર નવસો અડતાલીસ અને પૈસા ત્ર્યાસી પૂરા) લોન ખાતા નં. LAHM0HL 0000053787 માટે અને રૂ. ૧૩,૮૦,૬૨૩.૯૯ (અંકે રૂપિયા તેર લાખ એંશી હજાર છસો ત્રેવીસ અને પૈસા નવાણું પૂરા) લોન ખાતા નં. LAHM0TU0000056727 માટે અને કુલ રકમ રૂ .૩૪,૮૬,, ૫૭૨.૮૨/- (અંકે રૂપિયા ચોત્રીસ લાખ છ્યાસી હજાર પાંચસો બોંતેર અને પૈસા બ્યાસી પૂરા) ૧૦/૦૧/૨૦૨૪ના રોજ + એની પર આગળનું વ્યાજ + કાનૂની ખર્ચ	રૂ.૩૨,૨૫,૨૦૦/-(અંકે રૂપિયા બત્રીસ લાખ પચીસ હજાર બસો પૂરા) અર્નેસ્ટ મની ડિપોઝીટ રૂ. ૩,૨૨,૫૨૦/- (અંકે રૂપિયા ત્રણ લાખ બાવીસ હજાર પાંચસો વીસ પૂરા)	૧૩-૦૨-૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે૧૨.૦૦ વચ્ચે (૫ મિનિટના અસીમિત ઓટો એક્સ્ટેન્શન્સ સાથે)	૨૨-૦૧-૨૦૨૪ ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૩.૦૦ વચ્ચે	૦૧-૧૦-૨૦૨૩
સિક્યોર્ડ અસ્ક્યામતની વિગતો : મોજે ઓઢવ, તાલુકો- વટવા, જિ. અને પેટા-જિ. અમદાવાદના સર્વે નં. ૨૬, ૨૭, ૨૮ પૈકી, ટીપી સ્કિમ નં. ૧, એફપી નં. ૨૨૦, સિટી સર્વે નં. ૯૨૫/૩,, સબપ્લોટ નં. ૨૨૦/૨/૧/૧ ખાતે આવેલ 'સોલિટેરી સ્કાય'ના બ્લોક નં. બી, ૧લે માળે, ફ્લેટ નં. બી /૧૦૪ ના તમામ હક્કહિસ્સા. દુકાન નં. બી /૧૦૪ની સીમાઓ નીચે મુજબ છેઃ ઉત્તરે : પ્લોટ, દક્ષિણેઃ રોડ, પૂર્વેઃ પ્લોટ, પશ્ચિમેઃ પ્લોટ						
૪	સુરેશભાઈ ત્રિભોવનભાઈ પ્રજાપતિ (દેણદાર) અને કૈલાસબહેન સુરેશભાઈ પ્રજાપતિ(સહ-દેણદાર)	રૂ.૧૩,૨૬,૬૫૮.૯૧/-(અંકે રૂપિયા તેર લાખ છવ્વીસ હજાર છસો અઠ્ઠાવન અને પૈસા એકાણું પૂરા) ખાતા નં. LMEHSTH0000089751 માટે અને રૂ.૨૧,૬૧,૬૧૩.૦૧/-(અંકે રૂપિયા એકવીસ લાખ એકસઠ હજાર છસો તેર અને પૈસા એક પૂરા) લોન ખાતા નં.LMEHSTT0000089745 માટે ૧૦.૦૧.૨૦૨૪ના રોજ + એની પર આગળનું વ્યાજ + કાનૂની ખર્ચ	રૂ.૨૭,૩૨,૮૬૫.૨૨/- (અંકે રૂપિયા સત્તાવીસ લાખ બત્રીસ હજાર આઠસો પાંસઠ અને પૈસા બાવીસ પૂરા) અર્નેસ્ટમની ડિપોઝીટ રૂ.૨,૭૩,૨૮૭/- (અંકે રૂપિયા બે લાખ તોંતેર હજાર બસો સિત્યાસી પૂરા)	૦૮-૦૨-૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૧૨.૦૦ વચ્ચે (૫ મિનિટના અસીમિત ઓટો એક્સ્ટેન્શન્સ સાથે)	૨૨-૦૧-૨૦૨૪ ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૩.૦૦ વચ્ચે	૩૧-૧૦-૨૦૨૩
સિક્યોર્ડ અસ્ક્યામતની વિગતો : ગાગડીપટી, તા. પાટણ, જિ. પાટણ અને રજિસ્ટ્રેશન પેટા-જિલ્લો પાટણ, ગુજરાત રાજ્ય ખાતે આવેલ ફ્રિ-હોલ્ડ બિનખેત જમીન તે રે.સ. નં. ૭૭૨ પી, ધારક એરિયા માપણી ૯૯૮૯.૦૦ ચો.મી.ખાતે આવેલ શ્રી રેસિડન્સી તરીકે જાણીતી સ્કિમમાં બંધાયેલ રહેણાંક પ્લોટ તે બિનખેત જમીન રે.સ. ૭૭૨ પી, પ્લોટ નં. ૭/એ, પશ્ચિમ બાજુ ૭ પી, જેનો પ્લોટ એરિયા માપણી ૭૬.૬૫ ચો.મી.અને સદર જમીન માપણી ૩૯.૫૪ ચો.મી.અવિભાજિત હિસ્સો છે તેના તમામ હક્કહિસ્સા.જેની સીમાઓ નીચે મુજબ છેઃ ઉત્તરઃ પ્લોટ નં. ૬પીની ખુલ્લી જમીન પૂર્વ તરફ અને પ્લોટ નં.૭, દક્ષિણેઃ પ્લોટ નં.૮પીની ખુલ્લી જમીન પશ્ચિમ તરફ અને પ્લોટ નં.૮/એ, પૂર્વેઃ પ્લોટ નં. ૭ની ખુલ્લી જમીન પશ્ચિમ તરફ અને પ્લોટ નં.૭, પશ્ચિમેઃ : રોડ.						

નોંધઃ- ૧) હરાજી વેચાણ વેબસાઈટ https://sarfaesi.auctiontiger.net મારફતે ઓનલાઈન થશે અને જે બીડરો પાસે માન્ય ઈમેઈલ, આઈડી પ્રૂફ અને ફોટો પ્રૂફ, પાન કાર્ડ હશે અને ડિમાન્ડ ડ્રાફ્ટ/નેફ્ટ/આરટીજીએસ દ્વારા યોગ્ય રીતે ઈએમડીનું ચૂકવણું કર્યું હશે તે જ આ ''ઓનલાઈન ઈ-હરાજી''માં ભાગ લઈ શકશે.

૨) ઇચ્છુક બીડરોએ તેમના ઈએમડી ડિમાન્ડ ડ્રાફ્ટ/નેફ્ટ/આરટીજીએસ દ્વારા લાભાર્થીનું નામઃ નીડો હોમ ફાઈનાન્સ લિમિટેડને જમા કરાવવાના રહેશે. બેંકઃ સ્ટેટ બેંક ઓફ ઇંડિયા, ખાતા નં. ૬૫૨૨૬૮૪૫૧૯૯, સરફૈસી-હરાજી, એડેલવેઇસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ આઈએફએસસી કોડઃ SBIN0001593.

૩) ઈએમડી સાથે ઓનલાઈન અરજી બીડ ફૉર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ ક્રમ ૧ અને ૨ માટે ૧૨-૦૨-૨૦૨૪ છે અને ક્રમ ૪ માટે ૦૭-૦૨-૨૦૨૪ છે.

૪) વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે ઈએઆરસીની વેબસાઈટ એટલે કે https://sarfaesi.auctiontiger.ne જુઓ અથવા શ્રી મૌલિક શ્રીમાળીનો ફોન +૯૧-૬૩૫૧૮૯૬૬૪૩/૯૧૭૩૫૨૮૭૨૭, હેલ્પલાઇન ઈ-મેઈલ આઈડી Support@auctiontiger.net પર સંપર્ક કરવો.

મોબાઈલ નં.: ૭૨૦૮૯૩૪૪૬૧
તારીખઃ ૧૨.૦૧.૨૦૨૪

સહી/- અધિકૃત અધિકારી
વતી નીડો હોમ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ એડેલવેઇસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે જાણીતી)